# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/એકેડેમિક/૨૦૨૦/૨૦૫૮ તા.૧૭/૦૬/૨૦૨૦

## પરિપત્ર : ૨૦૭૭

**વિષય : ઓનલાઈન શૈક્ષણિક કાર્યના આયોજન બાબત..**

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૨૪/૦૫/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૦૩/૦૬/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ અને તમામ અધ્યાપકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા ઉપરોક્ત સંદર્ભ દર્શિત ઠરાવોથી રાજ્યની સરકારી યુનિવર્સિટીઓને જરૂરી સૂચનો પૂરા પાડવામાં આવેલ છે. જે અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં વિવિધ અભ્યાસક્રમોના સેમેસ્ટર-૩, સેમેસ્ટર-૫, સેમેસ્ટર-૭ તથા સેમેસ્ટર-૯ (લાગુ પડતું હોય તે મુજબ) નું શૈક્ષણિક કાર્ય તા.૨૧/૦૬/૨૦૨૦ થી Online પધ્ધતિ મુજબ શરુ કરવા સુચના આપવામાં આવેલ છે. જે ધ્યાને લઈ આપશ્રીને આ અંગે નીચે મુજબ આયોજન કરવા, અમલવારી કરવા જણાવવામાં આવે છે.

- તમામ કોલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો, ભવનો તથા સંસ્થાઓ દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૦ થી Online શિક્ષણ કાર્યનો પ્રારંભ કરવાનો રહેશે તેમજ સંબંધિત વિદ્યાર્થીઓને આ અંગે જાણ કરવાની રહેશે, તેનું સમય-પત્રક પૂરું પાડવાનું રહેશે તથા તેઓ Online શિક્ષણ કાર્યમાં જોડાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જ્યાં સુધી કોલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો, ભવનો તથા સંસ્થાઓ ખાતે શૈક્ષણિક કાર્ય (ફીઝીકલ ક્લાસ) શરુ કરવાની મંજુરી આપવામાં ન આવે ત્યાં સુધી નિયમિત રૂપે માત્ર Online પધ્ધતિ અનુસાર શિક્ષણ કાર્ય હાથ ધરવું. વિદ્યાર્થીઓને આ માટે કોલેજ, માન્ય અનુસ્નાતક કેન્દ્ર, ભવન તથા સંસ્થા ખાતે બોલાવવા નહી.
- Online શિક્ષણ કાર્યના આયોજન અંગેનું સમય-પત્રક યુનિવર્સિટીના એકેડેમિક વિભાગના ઈ-મેઈલ આઈ.ડી. academic@sggu.ac.in પર ફરજીયાતપણે મોકલી આપવાનું રહેશે.
- રાજ્ય સરકારશ્રી દ્વારા વખતો વખત પ્રસિધ્ધ કરવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.